

# ભિલોડા તાલુકામાં વાવણીલાયક વરસાદ ખેડુતો ખુશખુશાલ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં છેલ્લા ૨ દિવસથી સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન વાવણીલાયક વરસાદ વરસતા ખેડુતો ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. રવિવારના રોજ ગુરૂપુર્ણિમાના પવિત્ર પાવન દિવસે સમી સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા બાદ વીજળીના કડાકા, ભડાકા અને મેઘગર્જના સાથે મેઘરાજાની ધમાકેદાર પધરામણી થઈ હતી. ૬૦ મી.મી. વરસાદ વરસતા ઠેર-ઠેર ખેતરોમાં વરસાદી પાણી ભરાયા હતા. ખેડુતો બિયારણની ખરીદી અર્થે ઉમટ્યા હતા. ખેતરોમાં ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાયા હતા. ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર સહકારી જીન સામે ઢીંચણસમા વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ભિલોડામાં ચંદ્રપુરી સોસાયટી સહિત વિવિધ વિસ્તારોમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. અસહ્ય બાફ અને ઉકળાટભર્યા માહોલ વચ્ચે વરસાદી માહોલ જામતા વાતાવરણમાં આહ્‌લાદક ઠંડક પ્રસરી હતી.

## ઊંઝા એસ.ટી. ડેપોમાં કોરોનાની માર્ગદર્શિકાનો ભંગ

ઊંઝા, તા. ૬

મહેસાણા જિલ્લામાં દિનપ્રતિદિન કોરોનાના કેસો વધતા જાય છે. કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે સરકાર દ્વારા જરૂરી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે તેમ છતાં વેપારીમથક ઊંઝા એસ.ટી. ડેપોમાં કોરોનાની માર્ગદર્શિકાનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યુ હોય તેમ જણાય છે.

ગત તા. ૧લી જુલાઈથી રાજ્યના એસ.ટી. તંત્રએ ગ્રામ્ય વિસ્તારો સિવાય શહેરી વિસ્તારોને જોડતી એક્સપ્રેસ અને લોકલ બસોનું સંચાલન શરૂ કર્યુ છે. ત્યારે વેપારીમથક એવા ઊંઝા ડેપોના બસ સ્ટેશનમાં મુસાફરોની આવન-જાવન થવા માંડી છે. પરંતુ અત્રે કોરોનાની માર્ગદર્શિકાના અમલીકરણમાં ઘોર બેદજરકારી રાખવામાં આવી રહી હોવાનું મુસાફર જનતામાં ચર્ચાય છે. બસ સ્ટેશનમાં દાખલ થતા મુસાફરોનું થર્મલ ગન દ્વારા ચેકિંગ થતુ નથી. બીજુ બસ સ્ટેશનમાં સોશિયલ ડીસ્ટન્સીંગ પણ જળવાતુ નથી. બીજુ ટ્રાફિક અને વર્કશોપને લગતા મનસ્વી નિર્ણયો લેવાતા હોવાની ફરિયાદો ઉઠી છે. ઊંઝા એસ.ટી. ડેપોમાં એક અધિકારી વર્ષોથી અહીં અડીંગો જમાવીને બેઠા છે. જેઓના વર્તાવ સામે પણ મુસાફરો અને કેટલાક કર્મચારીઓમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. વધુમાં બસ રૂટોમાં પણ આડેધડ મનસ્વી ફેરફાર કરવામાં આવી રહ્યાનું ચર્ચાય છે.



### અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

બાયડ તાલુકામાં અનેક જગ્યાએ વરસાદ પડતાં ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો. સવારથી જ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બાયડ તાલુકામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતો ખેતીકામમાં જોડાયા હતા.

## અરવલ્લીવાસીઓને ૧૪ ધન્વંતરી આરોગ્ય રથ થકી ઘરઆંગણે આરોગ્ય સેવાઓ મળશે

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનો વ્યાપ વધતા શહેર અને ગ્રામ્ય વિસ્તાર તેના સંક્રમણની અસરમાં આવ્યા છે. ત્યારે જિલ્લાના અંતરીયાળ વિસ્તારના લોકોને જિલ્લાના મુખ્યમથક સુધી આરોગ્ય સેવા લેવા આવવું ન પડે અને ઘર આંગણે જ પ્રાથમિક સારવાર મળી રહે તે માટે જિલ્લામાં ૧૪ આરોગ્ય ધન્વંતરી રથ કાર્યરત કરાતા આરોગ્ય સેવાઓ મેળવવી સરળ બનશે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારના લોકોને જરૂરી આરોગ્ય સેવાઓ સ્થળ પર જ ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ધન્વંતરી આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા છે જેમાં બે આયુષ મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ સાથે જિલ્લામાં ૧૪ આરોગ્ય રથ કાર્યરત કરવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ અને ભિલોડાના આદિજાતિના છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સુવિધાઓ ઘર આંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવતા તેમને જિલ્લાના મુખ્ય મથક સુધી હવે લાંબા થવુ પડશે નહિ. કાર્યરત કરાયેલા આરોગ્ય ધન્વંતરી રથમાં આર.બી.એસ.કે. ટીમ, એક સ્ત્રી અને એક પુરૂષ આયુષ મેડિકલ ઓફિસર અને પેરા મેડિકલ સ્ટાફની ટીમ દ્વારા તાવ, શરદી, ઝાડા, ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને ચામડીના રોગોના નિદાન કરી સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવશે. આ ઉપરાંત ધન્વંતરી આરોગ્ય રથમાં ટેમ્પ્રેચર ગન, સ્ટેથોસ્કોપ, પલ્સ ઓક્સિમીટર સહિતના સાધનોની સાથે સાથે જરૂરી દવાઓ તથા ઈમ્યુનિટી બુસ્ટઅપ માટેની હોમિયોપેથિક દવાઓ અને આયુર્વેદિક ઉકાળા પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

# હિંમતનગર પોસ્ટ ઓફિસનો કલાર્ક કોરોનાની ઝપેટમાં

### ૧૫ કર્મચારીઓને કોરોન્ટાઇન કરાયા : સ્ટાફના અભાવે પોસ્ટ ઓફીસની કામગીરીમાં રૂકાવટ

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન કોરોનાના કેસમાં અધધ કહી શકાય તેવો વધારો થઈ રહ્યો છે ત્યારે સોમવારે હિંમતનગરની મુખ્ય પોસ્ટ ઓફીસમાં ફરજ બજાવતા એક કલાર્ક કોરોનાની ઝપેટમાં આવી જતા નિયમ મુજબ આરોગ્ય વિભાગ દ્વારા ૧૫ કર્મચારીઓને કોરોન્ટાઈનમાં જતા રહેવા આદેશ કર્યો છે. જેના લીધે સોમવારે અઠવાડિયાનો પ્રથમ દિવસ હોવાને લીધે કામગીરીમાં રૂકાવટ ઉભી થઈ હતી અને પોસ્ટના અનેક ગ્રાહકોને મુશ્કેલીનો સામનો વેઠવો પડયો છે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરની મુખ્ય પોસ્ટ ઓફીસમાં જિલ્લાની સબ પોસ્ટ ઓફીસોની કામગીરી ઉપરાંત પોસ્ટના ગ્રાહકોની કામગીરી થતી હોવાને લીધે આખો દિવસ લોકોની અવરજવર વધુ રહે તે સ્વાભાવિક છે. દરમિયાન થોડાક દિવસ અગાઉ પોસ્ટ ઓફીસમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કલાર્ક કક્ષાના એક કર્મચારી બિમારીમાં સપડાયા હતા. ત્યારબાદ તેમને સારવારની જરૂર પડતા તેમના કેટલાક ટેસ્ટ કરાવાયા બાદ તેઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હોવાના લક્ષણો જણાયા હતા. ત્યારબાદ પોસ્ટના આ કર્મચારીને સારવાર માટે ખસેડાયા છે.

બીજી તરફ કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની ગાઈડ લાઈન્સ મુજબ કોરોનાની ઝપેટમાં આવેલા નાગરિકના પરિવારને અગમચેતીના તથા સાવચેતીના પગલારૂપે કોરોન્ટાઈન કરવાના હોય છે. જેથી પોસ્ટના આ કર્મચારીના પરિવારને કોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત મુખ્ય પોસ્ટ ઓફીસમાં ફરજ બજાવતા ૧૫ જેટલા કર્મચારીઓને પણ કોરોન્ટાઈનમાં મોકલી દેવાયા છે. જેને લઈને સોમવારે પોસ્ટ ઓફીસમાં ગ્રાહકોની વધુ ભીડ હોવા છતાં અમુક વિભાગ અને ટેબલોની કામગીરી કર્મચારીઓના અભાવે મોકૂફ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગત અઠવાડિયામાં હિંમતનગરની સ્ટેટ બેંકમાં પણ કોરોના પોઝીટીવના કેસ આવ્યા બાદ આખી સ્ટેટ બેંકની કામગીરી એક અઠવાડિયા સુધી બંધ રાખવામાં આવી હતી. આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ જિલ્લાની પ્રજાએ હાલના તબક્કે ખૂબ જ સાવચેતી રાખવાની જરૂર છે. જો પ્રજા તેના પ્રત્યે દુર્લક્ષ સેવશે તો આગામી દિવસોમાં કોરોનાનું વધુ સંક્રમણ થવાની શકયતા નકારી શકાતી નથી. જેથી હજુ પણ ચેતી જવાની જરૂર છે.

# સાબરકાંઠામાં પ્રજાની ઈન્તેજારી બાદ મેઘરાજાનું આગમન

### સરેરાશ ૧ ઇંચથી વધુ વરસાદ : સોમવારે આખો દિવસ આકાશ વાદળછાયુ રહેતા ઝાપટા પડ્યા

હિંમતનગર, તા. ૬

સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં પ્રજાની ઈન્તેજારી બાદ રવિવારે સાંજે અસહ્ય ઉકળાટ બાદ મેઘરાજાએ ધમાકેદાર કરેલી એન્ટ્રી બાદ લોકોને બાફ અને ઉકળાટમાંથી છૂટકારો મળ્યો હતો. દરમિયાન સોમવારે પણ આખો દિવસ આકાશ વાદળછાયુ રહેવા પામ્યુ હતું. જેને લઈને કેટલાક તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. રવિવારે સાંજે ૮ વાગ્યાથી સોમવારે સાંજે ૪ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ પડયો હોવાના ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે.

સાબરકાંઠા જિલ્લામાં રવિવારે બપોર બાદ વાતાવરણમાં આવેલા પલટાને લઈને લોકો બાફ અને ઉકળાટથી ત્રસ્ત બની ગયા હતા. તો બીજી તરફ ૮ વાગ્યાના સુમારે ગાજવીજ સાથે વરસાદનું આગમન થયુ હતું. જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદને લીધે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે કેટલોક સમય વીજપુરવઠો ખોરવાઈ ગયો હતો અને સવારે ૮ વાગ્યા સુધીમાં ઈડરમાં ૩૦, ખેડબ્રહ્મામાં ૩૭, તલોદમાં ૫, પ્રાંતિજમાં ૨૮, પોશીના અને વડાલીમાં ૫, વિજયનગરમાં ૨૪, જયારે હિંમતનગરમાં ૧૪ મીમી વરસાદ નોંધાયો હોવાનું ડીઝાસ્ટર વિભાગનું કહેવુ છે.

દરમિયાન સોમવારે જિલ્લાના મોટાભાગના સ્થળે બાફ અને ઉકળાટ વચ્ચે આકાશ વાદળછાયુ રહ્યુ હતું અને તેના લીધે સોમવારે સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધીમાં ઈડરમાં ૮, તલોદમાં ૪, પ્રાંતિજમાં ૧૧, વિજયનગરમાં ૪ અને હિંમતનગરમાં દિવસ દરમિયાન અંદાજે ૧૦ મીમી વરસાદ નોંધાયો છે. જોકે સોમવારે બપોર બાદ પણ આકાશ વાદળોથી ઘેરાયેલુ રહ્યુ હોવાને કારણે આગામી સમયમાં વધુ વરસાદ થવાની શકયતા નકારી શકાતી નથી. બાફ અને ઉકળાટને લીધે લોકો તોબા પોકારી ગયા છે અને વધુ વરસાદ થાય તેમ ઈચ્છી પણ રહ્યા છે.



જિલ્લામાં રવિવારથી શરૂ થયેલા વરસાદને કારણે ખેડૂતોએ સમયસર વાવણી કરવા માટે બજારમાંથી બિયારણ, ખાતર અને દવાની ખરીદી કરવા પણ આયોજન કરી દીધુ છે. રવિવારે પડેલા વરસાદને લઈને આગોતર વાવેતર કરેલ ખાસ કરીને મગફળી અને કપાસના પાકને ફાયદો જરૂર થયો છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હોવાથી આ આગોતર પાકને જરૂરથી ફાયદો થશે.

# ૬૫ હજારથી વધુ સરકારી શિક્ષકોનું ૪૨૦૦ ના ગ્રેડ પે માટે 'ડિજિટલ આંદોલન'

### સરકાર નહીં માને તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

લોકડાઉન અનલોક થતાની સાથે સરકાર સામે અનેક પ્રશ્નો આવીને ઉભા રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર સામે વધુ એક આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. સમગ્ર રાજ્યમાં ૬૫ હજારથી વધુ શિક્ષકો ન્યાયની માંગ કરી રહ્યા છે. વર્ષ-૨૦૧૦ માં અને તેના પછીના વર્ષમાં ભરતી થયેલ શિક્ષકોનો રૂ. ૪૨૦૦ ગ્રેડ પે ઘટાડીને રૂ.૨૮૦૦ કરી દેતા




પ્રાથમિક શાળાના હજારો શિક્ષકો દ્વારા પગાર ગ્રેડ સહિતની માંગણીઓને લઈને સરકાર સામે ડિજિટલ આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની આગેવાનમાં ચાલી રહેલ આંદોલનમાં રાજ્યમાંથી શિક્ષકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ડિજિટલ આંદોલનમાં સોશિયલ મીડિયામાં શિક્ષકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે અને સરકારના નિર્ણય સામે અરવલ્લી-સાબરકાંઠાના શિક્ષકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રાજ્ય સરકારના જ સરકારી કર્મચારી કરવા જઈ રહ્યા છે. રાજ્ય સરકારની સરકારી શાળાના શિક્ષકો દ્વારા રૂ.૪૨૦૦ પે ગ્રેડની માગણી સાથેનું આંદોલન સોશિયલ મીડિયા પર ચાલુ કર્યું છે. શિક્ષકો દ્વારા આ અંદોલન કરવાનું મુખ્ય કારણ એ છે કે સરકાર રૂ.૪૨૦૦ ગ્રેડ પેના બદલે રૂ.૨૮૦૦ પગાર ગ્રેડ મંજૂર કરે તો શિક્ષકોને હાલના પગારમાં દર મહીને લગભગ ૮ થી ૧૦ હજારનું નુકશાન ભોગવવું પડે એવી સ્થિતિ છે અને તેથી જ આ શિક્ષકો દિવસે-દિવસે પોતાની માંગને લઈને વધુને વધુ ઉગ્ર બની રહ્યા છે. ઉપરાંત એચ ટાટ આચાર્યના પ્રમોશન અને બદલી જેવા પ્રશ્નોને કારણે શિક્ષકો કોરોનાની મહામારી વચ્ચે પણ ડિજિટલ સ્વરૂપમાં આંદોલનરૂપે સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

૪૨૦૦ ગ્રેડ પે નામનું ફેસબુક પેજ બનાવી આ સરકરી કર્મચારીઓ દ્વારા દિવસની હજારથી પણ વધુ પોસ્ટ કરવામાં આવે છે. એટલે કે આ સોશિયલ મીડિયા આંદોલનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

## અરવલ્લી જિલ્લા પ્રભારી સચિવ રૂપવંતસિંઘ મોડાસાના કન્ટેન્ટમેન્ટ વિસ્તારની મુલાકાતે

### શહેરના ટ્રાન્સપોર્ટ સોસાયટી, અમનપાર્ક અને ચાંદ ટેકરી વિસ્તારની મુલાકાત લઇ જરૂરી સૂચન કર્યા

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસનો વ્યાય શહેર અને ગ્રામિણ વિસ્તારમાં જોવા મળી રહ્યો છે, ત્યારે જિલ્લામાં કોરોનાનો આંક ૨૫૦ ને પાર પંહોચી ગયો છે જયારે કોરોનાના કેસ મળી આવ્યા છે તેવા ટ્રાન્સપોર્ટ નગર સોસાયટી, અમનપાર્ક, શિવવીલા, કાર્તિકેય સોસાયટી અને ચાંદ ટેકરી વિસ્તારના લોકોને મળી તેમને મળતી આરોગ્ય સેવા અંગે પુછપરછ



શહેરમાં ૧૦૦ થી વધુ કેસ નોંધાયા છે જેને લઈ અરવલ્લી જિલ્લા પ્રભારી સચિવ રૂપવંતસિંઘે મોડાસા શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ જરૂરી સૂચન કર્યા હતા.

મોડાસા શહેરમાં કોરોનાનું સંક્રમણનું જોખમ વધવાની શક્યતાને લઈ શહેરના ૬૦ થી વધુ વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ ઝોન હેઠળ આવરી લેવાયા છે. આવા વિસ્તારમાં અવર-જવર પર પ્રતિબંધ મુકાયો છે, આવા નિયંત્રણ હેઠળના વિસ્તારોની અરવલ્લી જિલ્લા પ્રભારી સચિવ રૂપવંતસિંઘે મુલાકાત લીધી હતી. જેમાં મોડાસા શહેરમાં કરી હતી. આ ઉપરાંત તેમણે ધન્વંતરી રથ દ્વારા શહેરીજનોના આરોગ્યની ચકાસણી કરવામાં આવી રહી છે તેની સ્થળ પર જઈ મુલાકાત લીધી હતી. પ્રભારી સચિવએ જિલ્લા અને શહેરમાં વધતા જતા કોરોનાના કેસને લઈ અસરકારક પગલા લેવા અંગે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ મુલાકાત વેળાએ જિલ્લા સમાહર્તા અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકાર ડૉ. અનિલ ધામેલીયા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડીસા તાલુકા પોલીસે ફીલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી



એક લાલ કલરની સ્વીફટ ગાડી નં. એમએચ-૦૨-એક્યુ-૪૨૫૬ની વિઠોદર, થેરવાડા બાજુથી કંસારી તરફ આવે છે તેવી ચોક્કસ હકીકત આધારે ગલાલપુર પાટીયા પાસે નાકાબંધી વોચમા હતા. દરમ્યાન હકીકતવાળી ગાડી આવતા તેને હાથથી રોકાવા ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી રોકેલ નહી અને આખોલ ચાર રસ્તા બાજુ ગાડી ભગાડેલ, ગાડીનો ફલ્મી ઢબે પીછો કરતા રાધનપુર હાઈવે, ભીલડી નજીક રેલ્વે બ્રીજથી છત્રાલા ગામ તરફના સીંગલ પટ્ટી રસ્તા તરફ ગાડી ભગાડતા તે ગાડીનો પીછો કરતા ગાડીના ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા ગાડી રોડની સાઈડમા વાડમા ઉતરી જતાં ગાડીમાંથી બે ઈસમો ભાગેલ તે બન્ને ઈસમોનો પીછો કરતાં એક ઈસમ અંધારાનો લાભ લઈ ભાગી ગયેલ અને ચાલક ઈસમ પકડાઈ ગયેલ, સદરહુ સ્વીફટ ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ/ટીન કુલ નંગ ૫૮૩ રૂ. ૯૧૮૮૦નો એક બીજાના મેળાપીપણાથી હેરાફેરી કરતા સદર ગાડીની કિ. રૂ. ૨,૫૦,૦૦૦ એમ કુલ મુદામાલ કિ. રૂ. ૩,૪૧,૮૮૦ નો રાખી પોલીસે બન્ને ઈસમો વિરૂધ્ધમા ડીસા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.